

શ્રી ગોવર્ધનનાથજી હવેલી હરસોલ ખાતે ખાતે તુલસી વિવાહ મનોરથ યોજાયો હતો જેમાં વિમલ ભાઈ શાહ અને વિકાસ ભાઈ શાહ મનોરથી બનવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું હતું જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મ સમાજના ભાઈઓનું સ્નેહ સંમેલન યોજાયુ...

## તેજસ્વી તારલાઓનું સન્માન તથા વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામા આવ્યું







પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મ સમાજ ના ભાઈ- બહેનોનુ સ્નેહ સંમેલન અને સામાન્ય સભા યોજાઈ હતી જેમા સમાજ ના તેજસ્વી તારલાઓનુ તથા વિશિષ્ટ વ્યક્તિ ઓનુ સન્માન કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ ત્રિવેદી મેવાડા વાડી ખાતે પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત બ્રહ્મસમાજ નો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો જેમા બ્રહ્મસમાજ ના તેજસ્વી તારલાઓ નુ ઈનામ આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ વર્ષે ઈનામ ના દાતા તરીકે જીતેન્દ્રકુમાર બી. રાવલ પરિવાર દ્વારા બાળકો ને ઈનામ આપવામા આવ્યા હતા તો સમાજ ના વિશિષ્ટ વ્યક્તિ ઓનુ પણ સન્માન કરવામા આવ્યુ હતુ તો બ્રહ્મ સમાજ ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને બાદમા સામાન્ય સભા યોજાઈ હતી તો આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ હર્ષદભાઈ રાવલ (લાંબા), ઉપપ્રમુખ રાકેશભાઈ જોષી , ઉપપ્રમુખ સુનિલભાઈ પંડયા , મહામંત્રી પ્રયાગભાઈ ત્રિવેદી, સહમંત્રી અરવિંદભાઈ રાવલ , કોષાધ્યક્ષ જીજ્ઞેશભાઈ જોષી , યોગેશભાઈ રાવલ , મધુભાઈ રાવલ , શુભુભાઈ રાવલ , ગોર સાહેબ , સુરેશભાઈ રાવલ સહિત કારોબારી સભ્યો સમસ્ત બ્રહ્મસમાજ ના વડીલો આગેવાનો ભાઈ બહેનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને એકબીજા ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો પ્રમુખ , ઉપપ્રમુખ, મંત્રી , હોદ્દેદારો સહિત નવી કારોબારી ની રચના કરવામા આવી હતી.

# પ્રાંતિજ ખાતે હોટલ માલિક દ્વારા સળગતી છુટી બીડી નાખતા કહેવા જતા વેપારીને ગાળો-બોલી માર માર્યો

**વેપારીને માર મારતા પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યો : પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં હોટલ માલિક તેની પત્ની અને પુત્રી સામે પોલીસ ફરિયાદ થઈ : પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી**

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે વેપારી ઉપર હોટલ માલિકા દ્વારા સળગતી બીડી નાખતા કહેવા જતા ગાળો-બોલી લાકડી તથા લોખંડ ના પાઈપ વડે માર મારી ગદડાપાટુ નો મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હોટલ માલિક તેની પત્ની તથા તેની પુત્રી સામે પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ અનંતવીલા ખાતે રહેતા સુનિલ કુમાર જેઠાલાલ નરસિંધાણી કે જેવો વેપારી છે જે રાત્રીના સમયે પોતાની દુકાન બંધ કરી રીક્ષામા બેસીને ધરે આવતા હતા તે દરમ્યાન રીક્ષા માંથી ઉતરી ને તેવોના ફલેટ મા જતા હતા તે સમયે ફલેટ ની નીચે આવેલ હોટલ ના માલિક સંતોષભાઈ પદમપુર ગોસ્વામી બીડી પીને સળગતી બીડી સુનીલ કુમાર ઉપર ફેંકતા સુનિલ કુમાર આ બાબતે કહેવા જતા હોટલ માલિક એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો-બોલી સુનિલ કુમાર ને ધક્કો મારી નીચે પાડી દીધા હતા અને સંતોષ ભાઈ ના પત્ની મંજુબેન તથા તેવોની દિકરી લોખંડ ની પાઇપ તથા લાકડી લઈ આવીને મંજુબેને સુનિલ કુમાર ને લાકડી બરડાના ભાગે તથા શરીરે મારી હતી તો સંતોષભાઈ ની દિકરીએ લોખંડ ની પાઈપ સુનિલ કુમાર ના ડાબા હાથે તથા પીઠ ઉપર મારી ઈજાઓ કરી ત્રણેય જણા સુનિલ કુમાર ને ગદડાપાટુ નો મારમારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં સુનિલ કુમાર જેઠાલાલ નરસિંધાણી દ્વારા હોટલ માલિક સંતોષભાઈ પદમપુરી ગોસ્વામી તેમના પત્ની મંજુબેન સંતોષભાઈ ગોસ્વામી તથા તેમની મોટી પુત્રી ત્રણેય વિરૂધ્ધ પોલીસ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ ગુનો નોધી આગળ ની તપાસ હાથ ધરી છે.

# ડીસાના ખરડોસણ નજીક ટ્રેકટર અને ટ્રક વચ્ચે અકસ્માત : એકનું મોત સાતને ઈજા

## રણુંજા દર્શનાર્થે જતા ખેડાના યાત્રિકોને અકસ્માત નડ્યો



ડીસા,તા. ૫

ડીસા- પાટણ રોડ પર શનિવારે વહેલી સવારે ટ્રેકટરને પાછળથી ટ્રક ચાલકે ટક્કરમાં અકસ્માત સર્જાયો હટી.જે અકસ્માતમાં રણુજા દર્શન માટે જઈ રહેલા એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે સાત જેટલા લોકોને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ખેડાથી રાજસ્થાનના રણુજા દર્શન માટે જઈ રહેલા લોકોને અકસ્માત નડ્યો હતો. દર્શન માટે નીકળેલા લોકો ટ્રેકટરની ટ્રોલીમાં બેસીને ડીસાના ખરડોસણ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે પાછળથી આવી ટ્રક ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટ્રેકટર સાથે ટ્રોલી પણ ઊંધી વળતા તેમાં બેઠેલા લોકો ટ્રોલી અને માલસામાન નીચે દબાઈ ગયા હતા.જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત કુબેરભાઈ નામના વૃદ્ધનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય સાત જેટલા લોકોને ગંભીર ઈજા પહોંચી હતી ઘટનાને પગલે આજુબાજુના લોકોએ આવી જાણ કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ પણ અકસ્માત સ્થળે આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાને પગલે ડીસા તાલુકા પોલીસ પણ અકસ્માત સ્થળે પહોંચી લાશને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ કરી હતી.

# તલોદ સર્વ મંગલા માતાજી મંદિર ખાતે અન્નકૂટ મહોત્સવ ઉજવાયો



તલોદ, તા. ૫

શ્રીનાથજી હવેલી તથા શ્રી સર્વ મંગળા દેવી મંદિર તલોદ ખાતે ચાલીસમા અન્નકુટ મહોત્સવ ના મનોરાથ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેના આયોજનમાં પ્રમુખ શ્રી કિરીટ ભાઈ શાહ મંત્રીશ્રી બીપીનભાઈ શાહ અને મહેશ ભાઈ ગાંધી ,રમેશભાઈ સી શાહ, પ્રવીણભાઈ એલ શાહ ના સુંદર આયોજન ના કારણે આ મનોરથ ખૂબ સફળ રહ્યો હતો આ અઅન્નકુટ મહોત્સવ ના મુખ્ય મનોરથી જાગ્રુતીબેન હરેશકુમાર બાબુલાલ શાહ તલોદગામ વાળા હાલ મુંબઈ મુલુંડ પરીવાર તેમજ અન્ય વૈષ્ણવો ના યોગદાન રહ્યુ હતું અન્નકૂટ મનોરથ ના દર્શનનો લાભ સ્થાનિક તેમજ આજુબાજુ ના વૈષ્ણવોએ લઈ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

# અરવલ્લી: મોડાસાના ખડોદા દુધ મંડળીમાં મોડી રાત્રે હોબાળો, દુધના ફેટને લઈને પશુપાલકોની ઉગ્ર રજુઆત



મોડાસા, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વર્ષે ખેડૂતોની વાતોને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું રહ્યું છે પણ પશુપાલકોની હાલત પણ હાલ કફોડી હોય તેવું લાગે છે. અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને કમોસમી વરસાદે રડાવ્યા હતા ત્યારે હવે પશુપાલકો સાથે પણ અન્યય થતો હોવાની વિગતો સામે આવી છે. મોડાસા તાલુકાના ખડોદા ગામે આવેલી દુધ મંડળીમાં મોડી રાત્રે હોબાળો થયો હતો, જ્યાં પશુપાલકોને ફેટ ન મળતા હોવાની બૂમો ઉઠવા પામી હતી, જેને લઈને પશુપાલકોએ ઉગ્ર રજૂઆત કરી હતી.

આધારભૂત સુત્રો તરફથી મળતી માહિતી મુજબ મોડાસા તાલુકાના ખડોદા ગામે શુક્રવારના રોજ મોડી રાત્રે હોબાળો થયો હતો, જ્યાં પશુપાલકોને ૬ ફેટથી ઘટીને માત્ર ૩ ફેટ મળતા હોવાની જાણ થતાં પશુપાલકો લાલઘૂમ થયા હતા અને ઉગ્ર રજૂઆત કરી હતી. છેલ્લા ઘણાં સમયથી સમયાંતરે આવી સમસ્યાઓ સર્જાતી હોય છે પણ કાર્યવાહી અથવા તો આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ જ કાર્યવાહી ન થતી હોવાની વિગતો મળી છે. હવે સવાલ એ થાય છે કે, ૬ ફેટથી એકદમ ૩ ફેટ કેવી રીતે આવી જતાં હશે તે એક સવાલ છે. પણ હાલ, તો આવી સમસ્યાને લઈને પશુપાલકોમાં રોષની લાગણી પ્રગટી હતી.

# ઈસરી પોલીસે બ્રાહ્મણકોટડા ગામ નજીક ફિલ્મીઢબે પીછો કરી દારૂ ભરેલી ઝાયલો ગાડી ઝડપી



મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર પ્રોહિબિશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી રહી છે ઈસરી પોલીસે છિકારી ગામ નજીકથી દારૂ ભરેલી ઝાયલો જીપનો ફિલ્મીઢબે પીછો કરી બ્રાહ્મણકોટડા ગામ નજીક ખેતરમાંથી ૧.૩૫ લાખનો દારૂ સાથે ઝડપી લીધી હતી બુટલેગર ખેતરમાં છું થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ઈસરી પીએસઆઈ વી.એસ.દેસાઈ અને તેમની ટીમ પેટ્રોલિંગ કરતી છિકારી ગામ નજીક પહોંચતા રાજસ્થાન તરફથી ઝાયલો કારમાં દારૂની ખેપ થતી હોવાની બાતમી મળતા પોલીસે ઝાયલોને અટકાવાનો પ્રયાસ કરતા બુટલેગરે ઝાયલો ગાડી હંકારી મુકતા પોલીસે જીપમાં પીછો કરતા રોડ પર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા બુટલેગરે પોલીસને ચકમો આપવા અંતરિયાળ નાળીયામાં દોડાવતા ગાડી રોડ પર ઉતરી જતા પીછો કરતી પોલીસ આવતા બુટલેગર ખેતરોમાં ફરાર થઈ ગયો હતો લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ઈસરી પોલીસે ખેતરમાં ફસાયેલી ઝાયલો ગાડીને ટ્રેક્ટરની મદદથી બહાર કાઢી ગાડીમાં સંતાડેલ વિદેશી દારૂની ૪૨ પેટી કી.રૂ.૧૩૫૬૦૦/- સહીત રૂ.૪.૩૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



## ધનસુરામાં અમૃત સરોવર નજીક પ્રવેશદ્વારનું ખાત મુહૂર્ત

ધનસુરા ના અમૃત સરોવર નજીક પ્રવેશદ્વારનુ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.સ્વ.ડૉ.પરેશકુમાર અરવિંદભાઈ મગનભાઈ પટેલના સ્મરણાર્થે આ પ્રવેશ દ્વાર નું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.જેમાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ હેમલત્તાબેન પટેલ ,ગ્રામ પંચાયતનો સ્ટાફ ,તેમજ પ્રવેશ દ્વારના દાતા અરવિંદભાઈ મગનભાઈ પટેલ, કોકિલાબેન અરવિંદભાઈ પટેલ , તૃષ્ણાબેન દેવેન્દ્રભાઈ પટેલ , દેવેન્દ્રભાઈ અમૃતભાઈ પટેલ,હાર્દ દેવેન્દ્રભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડાના નવા ભવનાથ ગામના શ્રી રાધા-કૃષ્ણ ભગવાનના મંદિર તુલસી વિવાહનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૦૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવા ભવનાથ ગામની મહિલા મંડળ ધ્વારા તુલસી વિવાહનો કાર્યક્રમ આનંદ ઉલ્લાસભેર યોજાયો હતો.તુલસી વિવાહ નિમિત્તે મુખ્ય યજમાન કૃષ્ણ પક્ષે રાજેશભાઈ નિનામા (ઉપ પ્રમુખ),(અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન) અને રાધા પક્ષે પ્રફુલભાઈ સુથાર સહિત ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.નવા ભવનાથ ગામની ભજન મંડળની મહિલાઓ અને ભાવિક ભકતોએ ભજન અને રાસ ગરબાની રમઝટ જમાવી હતી.તુલસી વિવાહ નિમિત્તે વરઘોડો વાજતે - ગાજતે નિકળ્યો હતો.ફટાકડાની આતશબાજી કરાઈ હતી.તુલસી વિવાહની ભકિતભાવ સાથે ધામધૂમ પૂર્વક ઉજવણી યોજાઈ હતી.ભાવિક ભક્તોએ દર્શન કરીને મહા પ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

# પાલનપુરની રેલવે સ્ટેશન આગળ પાલિકાની હદમાં બાંધકામ થતા વિવાદ

## પાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા એ કામકાજ અટકાવ્યું

પાલનપુર તા.૫

પાલનપુર રેલવે સ્ટેશન આગળ પાલિકાની હદમાં કોટનું બાંધકામ થતા વિવાદ સર્જાયો છે. નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાએ કામકાજ વિવાદાસ્પદ બાંધકામ અટકાવ્યું છે.

પાલનપુર રેલવે સ્ટેશનમાં નવી ડીએફસીસી રેલ્વે નંખાયા બાદ રેલ્વે સ્ટેશનમાં જવા માટે અંડર પાસ બનાવવામાં આવ્યું છે જેની બાજુમાં મુખ્ય માર્ગને અડીને જુનો કોર્ટ હતો તે તોડી દેવાયો હતો અને હવે તેની જગ્યાએ નવો કોર્ટ બનાવવામાં આવ્યો છે પરંતુ નવો કોર્ટ રોડ પર વધારાની જગ્યા કવર કરીને બનાવવામાં આવતા તે અંગેની જાણ આજુબાજુના રહીશોએ નગરપાલિકામાં કરતા નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાએ બાંધકામ અટકાવી નિયત જગ્યા પર જ બાંધકામ કરવા લેખિત સુચના આપવામાં આવી છે. આ અંગેની વિગતો આપતા પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે " રહીશોની ફરિયાદ મળી હતી જેથી કામ અટકાવ્યું છે રેલવે વિભાગની એજન્સી દ્વારા કોટ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે."

**જન્મદિને વધામણી**



કેશવ ઋતુલ પટેલ

# બાલારામ નદીમાં ડુબેલા વ્યક્તિનો કેવી રીતે જીવ બચાવવો તે માટે મોકડ્રીલ યોજાઈ

## તરવૈયાઓની મદદથી સ્થાનિક લોકો અને વેપારીઓને તાલીમ આપવામાં આવી



પાલનપુર તા.૫

પાલનપુર નજીક બાલારામ નદીમાં નાહવા પડેલા અસંખ્ય લોકોના મોત નીપજી ચુકચા છે.જેને લઈ નદીમાં ડૂબેલા લોકોનો જીવ બચાવવા માટે તરવૈયાઓની મદદથી સ્થાનિક લોકોને તાલીમ આપી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમજ મૃત્યુ પામેલા લોકોને શ્રધાંજલિ આપવામાં આવી હતી.બાલારામ મહાદેવ સમિતિ ટ્રસ્ટ ના ટ્રસ્ટી રાજુભાઈ જોષી દ્વારા તરવૈયાઓ માટે જેકેટ તેમજ ટ્યુબની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. તેમજ બાલારામ ખાતે ટ્રસ્ટ દ્વારા ડૂબતા માણસને બચાવવાની મોકડ્રીલ કરવામાં આવી હતી.આ સિવાય ડૂબતા માણસને કઈ રીતે બચાવો તે અંગેની સ્થાનિક લોકો અને વેપારીઓને તાલીમ આપવામાં આવી હતી.

આ અંગે રાજુભાઈ જોષીએ જણાવ્યુ હતુ કે મંદિર વિસ્તારમાં કોઈ ઘટના બને તો સાયરનની વ્યવસ્થા ઉભી કરાઈ છે.જેથી કોઈ પણ ઘટના બને તો કોઈ પણ વ્યક્તિ સાયરન વગાડે તો તરત તાલીમ લીધેલા વ્યક્તિઓ જેકેટ પહેલી ટુબ સાથે પાણીમાં પડી ડુબતા વ્યક્તિનો જીવ બચાવી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે.જેની મોકડ્રીલ રાખવામાં આવી હતી.

અત્યાર સુધીમાં બાલારામ ખાતે નદીમાં ડૂબી જવાથી મૃત્યુ પામેલા લોકોને તેમજ મચ્છુ પુલ તૂટી જવાથી ૧૫૦ થી વધુ લોકોના મોત થયા છે તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં બાલારામ મહાદેવ સમિતિ ટ્રસ્ટ ના પ્રમુખ પ્રકાશભાઈ અગ્રવાલ,હિદાયતભાઈ, તરવૈયા સુલતાન મીર, સહિતના લોકો તેમજ સ્થાનિક વેપારીઓ હાજર રહ્યા હતા.